**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**શુક્રવાર, તા. ૧૯મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૮ થી ૩૭૪ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી શૈલેષ પરમારે નિયમ–૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં અમદાવાદ શહેરના કાંકરીયા ખાતે આવેલ એડવેન્ચર પાર્કમાં ડિસ્કવરી નામની ૬૦ ફૂટ ઉંચી રાઇડ તૂટી પડવાના કારણે લોકોમાં ફેલાયેલ ગભરાટ દૂર કરવા’’ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૨ અને અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૩ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયાએ તેમજ પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૭ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૧ અને ૧૨, માગણી ક્રમાંક–૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૩ તેમજ માગણી ક્રમાંક–૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ સંબધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલ જોષિયારા
(૨) શ્રી જીતેન્દ્ર સુખડીઆ
(૩) શ્રી મોહનસિંહ રાઠવા
(૪) શ્રી કિશોર ચૌહાણ
(૫) શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા
(૬) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૭) શ્રી રમણભાઇ પટેલ

**વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦**

**વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૮) શ્રી કિરીટકુમાર પટેલ
(૯) ડો.આશાબેન પટેલ
(૧૦) શ્રી અમરિષભાઇ ડેર
(૧૧) શ્રી વી.ડી.ઝાલાવાડીયા
(૧૨) શ્રી લાખાભાઇ ભરવાડ
(૧૩) શ્રી પરસોત્તમ સાબરીયા
(૧૪) શ્રી કાળાભાઇ ડાભી
(૧૫) શ્રીમતી સીમાબેન મોહીલે
(૧૬) શ્રી જશપાલસિંહ પઢિયાર
(૧૭) શ્રી નથાભાઇ પટેલ
(૧૮) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૧૯) શ્રી સંજયભાઇ સોલંકી
(૨૦) શ્રી મહેશકુમાર રાવલ
(૨૧) શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતી માગણી પરની ચર્ચાનો જવાબ માનનીય નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ આપ્યો.

ત્યારબાદ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયાએ આપ્યો.

માગણી ક્રમાંક-૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૧ અને ૧૨, માગણી ક્રમાંક-૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૩ તેમજ માગણી ક્રમાંક-૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૨૨, ૨૩ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર, તા.૨૨મી જુલાઇ ૨૦૧૯ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૩૦ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૯મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.